# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-08-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **શિતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## PM – આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિયાડ

૧૮મા આંતરરાષ્ટ્રીય ખગોળશાસ્ત્ર અને ખગોળ ભૌતિકશાસ્ત્ર ઓન ઓલિમ્પિયાડનો ગઇકાલે મુંબઈમાં પ્રારંભ થયો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના વિડીયો સંદેશમાં કહ્યું કે, ૬૪ દેશોના ૩૦૦ થી વધુ ચમકતા તારાઓ સાથે જોડાવાનો આનંદ છે. તેમણે આ પ્રતિષ્ઠિત કાર્યક્રમ માટે તેમનું ભારતમાં સ્વાગત કર્યું.

શ્રી મોદીએ કહ્યું કે ભારત ચોરસ કિલોમીટર શ્રેણી જેવા વૈશ્વિક મેગા વિજ્ઞાન પ્રોજેક્ટ્સમાં ગર્વથી યોગદાન આપે છે.

આ અત્યાર સુધીનો સૌથી મોટો ખગોળશાસ્ત્ર અને ખગોળ ભૌતિકશાસ્ત્ર ઓન ઓલિમ્પિયાડ છે, ૧૦ દિવસના આ કાર્યક્રમમાં ઘાના સહિત ૬૪ દેશોના લગભગ ૩૦૦ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે.

---------------------------------------------------------------------------------

## ગોળમેજી બેઠક

ભારત-સિંગાપોર મંત્રી સ્તરની ગોળમેજી બેઠક- ISMRનો ત્રીજો તબક્કો આજરોજ નવી દિલ્હીમાં યોજાશે. કેન્દ્રીય મંત્રીઓ અશ્વિની વૈષ્ણવ, ડૉ. એસ. જયશંકર, નિર્મળા સીતારમણ અને પીયૂષ ગોયલ આ ગોળમેજીમાં ઉપસ્થિત રહેશે.

---------------------------------------------------------------------------------

## NFSAરાશનકાર્ડ

રાજ્યમાં પાત્રતા ધરાવતા કોઈ પણ લાભાર્થીનું NFSA રેશનકાર્ડ રદ કરાશે નહીં. રાજ્યના અન્ન-નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ કહ્યું, કેન્દ્ર સરકાર દ્વારા અપાયેલી યાદીમાં સમાવિષ્ટ કાર્ડ ધારકોને તંત્ર સામેથી જાણ કરે તો મામલતદાર કચેરીએ જરૂરી પૂરાવા રજૂ કરવાથી NFSA કાર્ડ ચાલુ રહેશે. આમ હાલમાં જે લાભાર્થીઓની પાત્રતા શંકાસ્પદ છે તેઓને જ પોતાની પાત્રતા સ્પષ્ટ કરવા તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

---

## CM : સ્વતંત્રતા પર્વની ઉજવણી

રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી આ વખતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં પોરબંદર ખાતે કરાશે. જ્યારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી મહેસાણા ખાતે ધ્વજવંદન કરશે. રાજ્ય મંત્રીમંડળના સભ્યો અને જિલ્લા કલેકટર વિવિધ જિલ્લા મથકોએ ઉજવણીમાં ભાગ લેશે.

---

## જિલ્લાભરમાં તિરંગાયાત્રા

"હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા: સ્વતંત્રતા સ્વચ્છતા કે સંગ" અભિયાન સાથે રાજ્યમાં હાલમાં ઉત્સાહભેર વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં કચ્છ જિલ્લા કલેક્ટર આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ કચ્છમાં સ્વતંત્રતા સપ્તાહની ઉજવણી અંતર્ગત વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત ગઇકાલે કચ્છના વિવિધ ગામોમાં અને શાળાઓમાં દેશભક્તિભર્યા વાતાવરણમાં ભવ્ય રીતે તિરંગા યાત્રા યોજાઈ હતી. વંદે માતરમ્ અને ભારત માતા કી જયના નાદ સાથે કચ્છની ગલીઓ ગુંજી ઉઠી હતી.

જે અંતર્ગત લૂણી પ્રાથમિક શાળા મુન્દ્રા, જખૌ પ્રાથમિક શાળા, સરકારી માધ્યમિક શાળા ગુનેરી, જી.એન. ભદ્રા હાઈસ્કૂલ તેરા, પાટીદાર કન્યા વિદ્યાલય ભુજ, મોડેલ સ્કૂલ- નલિયા અને

અબડાસા તથા માધાપર, મિરઝાપર, નારાણપર, નલીયા, કુકમા, વાંઢાઈ, બિદડા, મંજલ કપુરાશી સહિતના ગામમાં તિરંગા યાત્રા યોજવામાં આવી હતી.

આ તિરંગા યાત્રામાં બહોળી સંખ્યામાં નાગરિકો, જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાના પદાધિકારીઓ, અધિકારીઓ, શિક્ષકો, વિવિધ કચેરીઓના કર્મયોગીઓ, શાળાના વિદ્યાર્થીઓ, યુવાનો, મહિલાઓ તેમજ નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા.

---------------------------------------------------------------------------------

## ખાવડા ખાતે BSF ની તિરંગા યાત્રા

લોકોમાં દેશ પ્રત્યેના ગૌરવની ભાવના વધુ બળવત્તર કરવાના ઉદ્દેશ્યથી ખાવડા સ્થિત બોર્ડર સિક્યુરિટી ફોર્સની ૮૫ બટાલિયન દ્વારા ખાવડા ચોકથી કેમ્પ પરિસર સુધી એક વિશાળ તિરંગા યાત્રા યોજવામાં આવી હતી. બટાલિયન કમાન્ડન્ટના નેતૃત્વમાં યોજાયેલી આ તિરંગા યાત્રા સાયકલ અને ટુ-વ્હીલર દ્વારા લગભગ ૫ કિમીનું અંતર કાપીને કેમ્પ પરિસરમાં પહોંચી હતી. આ પ્રસંગે BSF ના અધિકારીઓ અને જવાનો ઉપરાંત ખાવડા સરકારી શાળાના બાળકો, સ્થાનિક પોલીસ અને વિસ્તારના અગ્રણીઓ જોડાયા હતા.

---------------------------------------------------------------------------------

## ભુજ ખાતે તિરંગાયાત્રાની તૈયારી

કચ્છમાં જિલ્લાકક્ષાની તિરંગા યાત્રા તા.૧૪ મી ઓગસ્ટના રોજ સવારે ૮ કલાકે જ્યુબિલી ગ્રાઉન્ડથી કચ્છમિત્ર સર્કલ, બસ સ્ટેન્ડ, ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ થઈને હમીરસર તળાવ સુધી યોજાશે. આ વર્ષે હર ઘર તિરંગા-૨૦૨૫ કાર્યક્રમની ઉજવણીની થીમ હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા: સ્વતંત્રતા કા ઉત્સવ સ્વચ્છતા કે સંગ" રાખવામાં આવી છે. કચ્છ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ભુજ ખાતે આયોજિત તિરંગા યાત્રામાં સરકારના વિવિધ વિભાગો, સેવાભાવી સંસ્થાઓ, ડીફેન્સની વિવિધ પાંખ, વિદ્યાર્થીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

ભુજ સહિત તાલુકાકક્ષાએ આયોજિત તિરંગા યાત્રામાં નાગરિકોને મોટી સંખ્યામાં હાજરી આપવા કચ્છ જિલ્લા કલેક્ટર આનંદ પટેલ દ્વારા અનુરોધ કરાયો છે.

---

## વાડાસર ગામે કૃષિ યોજનાનો કેમ્પ

વાડાસર ગામે બેન્ક ઓફ ઇન્ડિયા અને માનવ જ્યોત સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ખેડૂત કલ્યાણ માટે કૃષિ યોજનાઓ અંગે જાગૃત્તિ કેમ્પ યોજાઇ ગયો. આ કાર્યક્રમમાં ખેડૂત ભાઇઓને વિવિધ સરકારી સહાય યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

---